PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૯/ક્વા–૦૨/૧૭–૧૮/ 8 8 49 તા. 11.10.17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
શ્રીમતી દયાબેન વાલજીભાઈ બાલધા,
ગામ: આંબરડી
તા. ગોંડલ
જી. રાજકોટ
મો: ૯૮૨૫૭ ૧૦૩૯૯

વિષય :–સર્વિસ લાઈન ના તફાવત ના નાણા રીફંડ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૮–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૯/ક્વા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી નં.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૮૯/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૦–૧૦–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: શ્રીમતી દયાબેન વાલજીભાઈ બાલધા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

**ફરીયાદ : સર્વિસ લાઈન ના તફાવત ના નાણા રીફંડ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના જણાવ્યા મુજબ, ખેતીવાડી વીજજોડાણ ૦૫ હોપા નુ ૬ થી ૭ ગ્રાહકો વચ્ચે ચાલતુ હતુ. બાદ મા, ગ્રાહક ના વીજભાર મુજબ અલગ ટ્રાન્સફોર્મર આપવાની યોજના મુજબ, અરજદાર શ્રી તેમનુ ટ્રાન્સફોર્મર ૩૦ મીટર થી વધુ દુર મુકેલ છે. જેથી ૩૦ મીટર થી વધુ ના સર્વિસ લાઈન ના તફાવત ના નાણા ગ્રાહકે ભરવા માટે સબંધક કચેરી દ્વારા જાણકારી અપાયેલ છે. જે ગ્રાહકે ભરપાઈ કરવાના ન હોય, આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, શ્રીમતી દયાબેન વાલજીભાઈ બાલધા કે જેમનુ ખેતીવાડી વીજજોડાણ ૧૧ કેવી આંબરડી ફીડર મા ધરાવે છે. સદર હૈયાત ૧૧ કેવી આંબરડી ફીડર નુ એલ.વી.ડી.એસ. માથી એચ .વી.ડી.એસ. મા રૂપાંતરણ કરવાની કામગીરી અંતર્ગત સદર ગ્રાહક ના ખેતીવાડી વીજજોડાણ મા – પીજીવીસીએલ કંપની ના નિયમાધીન રીતે એચ.વી.ડી.એસ. યોજના અંતર્ગત – અલાયદુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની કામગીરી કરવામા આવેલ છે. જેમા – ટેકનીકલ કારણોસર – તેમજ સલામતી ના નિયમો ને ધ્યાને રાખી અને ટ્રાન્સફોર્મર થી વીજ મીટર સુધી આશરે ૩૫ થી ૩૮ મીટર સર્વિસ વાયર લગાડેલ છે . જેમા, પીજીવીસીએલ કંપની દ્વારા સર્વિસ વાયર માટે નો વધારાનો કોઈપણ ચાર્જ ભરવા માટે નુ ભાવપત્રક પાઠવવામા આવેલ નથી. તેમજ, સદર ગ્રાહકે આ અંગે કોઈપણ પ્રકાર ની રકમ ભરેલ નથી. સદર બાબતે પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા સદર ફરીયાદી અરજદાર ને તા.૧૫–૦૯–૧૭ ના રોજ મીટર તથા વીજલાઈન ની કામગીરી પૂર્ણ કરેલ છે. અને પર્ફોમા –૧૫ નંબર: ૪૮૬૦૩ થી રીસીલીંગ કરી અને ગ્રાહક ને પાવર સપ્લાય ચાલુ કરી અપાયેલ છે. જેની જાણકારી ફરીયાદી અરજદાર શ્રી ને આપેલ છે. જે બદલ, ગ્રાહક શ્રી ના પ્રતિનીધી વાલજીભાઈ અરજણભાઈ બાલધા એ લેખીત સંમતીપત્ર તા.૨૯–૦૯–૧૭ ના રોજ મા સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના પ્રશ્ન નુ નિરાકરણ તા.૧૫–૦૯–૧૭ ના રોજ પીજીવીસીએલ |

| | |
|---|---|
| | ની સબંધક કચેરી દ્વારા થતા, અરજદાર શ્રી ના પ્રતિનીધી વાલજીભાઈ અરજણભાઈ બાલઘા દ્વારા – હવે સદર બાબતે કોઈ જ ફરીયાદ ન રહેતી હોવા બાબતે ના તા.૨૯–૦૯–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના પ્રતિનીધી વાલજીભાઈ અરજણભાઈ બાલઘા દ્વારા – હવે સદર બાબતે કોઈ જ ફરીયાદ ન રહેતી હોવા બાબતે ના તા.૨૯–૦૯–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.